ગાંધીનગર સમાચાર

અલ્પેશ ઠાકોર સહિત આંગણવાડી કાર્યકરોની દેખાવો પૂર્વે અટકાયત

## મોદી કો મિલના હૈ ના નારા સાથે

# નોઈડાની મહિલા સરપંચ સ્ટેજ તરફ ધસી ગઈ...

**પોલીસે સ્ટેજ સુધી પહોંચે તે પહેલાં દબોચી લીધી, મહિલા સરપંચની હરકતોનું ધ્યાન એક ઉચ્ચ મહિલા અધિકારીએ પોલીસને દોર્યુ હોવાની વાત પણ ચર્ચામાં સાંભળવા મળી**



ગાંધીનગર, તા. ૮

મહાત્મા મંદિરમાં યોજાયેલ મહિલા સરપંચ સંમેલનમાં હંગામો કરનાર મહિલા સરપંચની હકકતોને સૌથી પહેલાં ગુજરાતના એક મહિલા ઉચ્ચ અધિકારીના ધ્યાને આવતાં તેમણે પોલીસનું ધ્યાન દોર્યું હતું.

વિશ્વ મહિલા દિન નિમિત્તે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે સ્વચ્છ શક્તિ ૨૦૧૭ કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ. આ કાર્યક્રમ દરમ્યાન મહિલા સરપંચોનું સન્માન કરવાની કાર્યવાહી હાથ ધરાઈ તે સાથે જ એક યુવતી મોદી કો મિલના હૈ ના નારા લગાવી મંચ તરફ દોડી ગઈ હતી.

આ વેળાએ ત્યાં હોલમાં રખાયેલ પોલીસ કર્મીઓએ તેને દબોચી લઈ મંચ તરફ જતી અટકાવી અને મોઢુ દબાવી બહાર ખેંચી ગયા હતા.

આ યુવતી નોઈડાની મહિલા સરપંચ હોવાનું જાણવા મળેલ છે. શાલિની સિંઘ નામની મહિલાએ વડાપ્રધાનની હાજરીમાં એકાએક સૂત્રોચ્ચાર કરતાં પોલીસે આ મહિલાની આસપાસ મિડીયા ના પહોંચે તે માટે ખાસ તકેદારી રાખી હતી.

નોઈડા ગૌત્તમબુદ્ધ વિહારની રહેવાસી આ મહિલા સરપંચ તેના ગામના પ્રશ્નોની રજુઆત કરવા માટે વારંવાર પી.એસ.ઓ. કચેરીના ધક્કા ખાઈ ચુકી હતી પરંતુ તે સફળ થઈ ન હોવાથી તે રજુઆત કરવા માંગતી હતી.

જો કે પોલીસે તરત જ આ મહિલાનું મોઢુ દબાવી દીધુ હતુ અને ખેંચીને બહાર લઈ જવામાં આવી હતી. આ પછી આ મહિલાની આરોગ્ય વિષયક તપાસ પણ કરાઈ હતી તેમજ જિલ્લા કલેક્ટર અને ઉચ્ચ અધિકારીઓ તેની પાસે દોડી ગયા હતા અને પૂછપરછ હાથ ધરી હતી.

**મહાત્મા મંદિરમાં મોદી સામે કાળા વાવટા ન ફરકે તે આશયથી**

# બુરખાધારી ત્રણ મહિલા સરપંચને પ્રવેશદ્વારે પોલીસે અટકાવતા વિવાદ

**કેરાલાના મહિલા સરપંચોએ ગુજરાતમાં પોલીસે દુર્વ્યવહાર કરી ધાર્મિક લાગણી દુભાય તેવુ વર્તન કર્યું હોવાનું કેરાલાની ન્યુઝ ચેનલોમાં ટેલીફોનીક ઈન્ટરવ્યુ આપતા કેરાલામાં રાજકીય માહોલ ગરમાયો : ચેનલોમાં ડીબેટ શરૂ થઈ ગઈ..!**

**(વિપુલ ચૌહાણ)** ગાંધીનગર, તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહાત્મા મંદિર ખાતેના મહિલા સરપંચ કાર્યક્રમમાં વિરોધ પ્રદર્શન ન થાય અને ચાલુ કાર્યક્રમે કોઈ કાળા વાવટા ફરકાવી ન જાય તેની પોલીસે ખાસ કાળજી રાખી હતી પરંતુ વધુ પડતી લેવાયેલી કાળજીમાં ભાંગરો વટાઈ ગયો હોવાની ઘટના ધ્યાને આવી છે. કેરાલાથી આવેલા મહિલા સરપંચોના ગ્રુપમાં ત્રણ મુસ્લીમ મહિલા સરપંચો રિવાજ મુજબ બુરખા પહેરીને આવી હતી. તેમને પ્રવેશદ્વારે જ પોલીસે અટકાવતા મામલો બિચક્યો હતો. કેરાલાની ન્યુઝ ચેનલમાં ટેલીફોનીક ઈન્ટરવ્યુ એક મહિલા સરપંચે આપી ગુજરાતમાં પોલીસે તેમની ધાર્મિક લાગણી દુભાય તેવુ વર્તન કર્યું હોવાનું કહી દેતા કેરાલામાં રાજકીય માહોલ ગરમાઈ ગયો છે. અને ત્યાંની રીઝનલ ન્યુઝ ચેનલોમાં ગુજરાતની થું-થું થઈ રહી હોવાની સાથે રાજકીય નેતાઓ અને કોમ્યુનીસ્ટ આગેવાનો સાથે ડીબેટ શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વડાપ્રધાન સામે વિરોધના વાવટા ન ફરકાય તે માટે મહાત્મા મંદિરના કાર્યક્રમમાં પોલીસે વિશેષ ચેકીંગ હાથ ધર્યું હતું. કેરાલાથી આવેલુ મહિલા ડેલીગેટનું ગ્રુપ પણ આ કાર્યક્રમમાં હાજરી આપવા મહાત્મા મંદિરમાં પ્રવેશ્યુ હતુ. આ ગ્રુપમાં ત્રણ મુસ્લીમ મહિલા સરપંચોનો પણ સમાવેશ હતો. રીત રીવાજ મુજબ ત્રણેય મહિલા સરપંચોએ બુરખા જેવુ જ વસ્ત્ર હિબાઝ (માથુ ઢાંકી સકાય તેવુ વસ્ત્ર) પહેર્યું હતું. કાળા કલરનું ધાર્મિક રીત રીવાજનું આ હિબાઝ પોલીસને કાળા વાવટા સમાન લાગતા ત્રણેય મુસ્લીમ મહિલા સરપંચોને મહાત્મા મંદિરના પ્રવેશદ્વારે જ પોલીસે અટકાવી દઈ પ્રવેશ આપ્યો ન હતો. મળતી માહિતી મુજબ મહિલાઓને આ હિબાઝ નિકાળશો તો જ મહાત્મા મંદિરમાં પ્રવેશ મળશે તેવુ કહી દેવામાં આવ્યું હતુ. જેના પગલે મામલો ગરમાયો હતો. ત્રણ પૈકી એક મહિલા સરપંચે કેરાલાની ન્યુઝ ચેનલમાં ફોન કરી વડાપ્રધાનના કાર્યક્રમમાં પોલીસે તેમની સાથે દુર્વ્યવહાર કરી ધાર્મિક લાગણી દુભાય તેવુ વર્તન કર્યું હોવાનું ટેલીફોનીક ઈન્ટરવ્યુમાં આપી દેતા કેરાલામાં આ મામલો ચર્ચાસ્પદ બની ગયો છે. ત્યાર બાદ કેરાલાથી આવેલા એક અધિકારીએ વચ્ચે રહીને સમજાવટથી મામલો થાળે પાડી ત્રણેય મહિલા સરપંચોને પ્રવેશ અપાવી દીધો હતો. મહાત્મા મંદિરમાં તો આ મામલો શાંત પડી ગયો પરંતુ કેરાલામાં ગુજરાતની આબરૂના ધજીયા ઉડી રહ્યા હોવાનું જાણવા મળ્યુ છે. કેરાલાની ન્યુઝ ચેનલ્સમાં આ ઘટનાએ રાજકીય રંગ પકડી લીધા ઉપરાંત ધાર્મિક લાગણી દુભાવાના મામલે ચેનલોમાં ટોક શો અને ડીબેટ શરૂ થઈ જતા આ કિસ્સો ચર્ચાસ્પદ બની ગયો છે.

### લેડીઝ એન્કલોઝરમાં રૂટીન ચેકઅપ થયુ હતુ : આઈજીપી

વડાપ્રધાનની સુરક્ષાને ધ્યાને રાખીને મહાત્મા મંદિરમાં વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી અને દરેક આમંત્રીતોને ચેકીંગ કર્યા બાદ પ્રવેશ આપવામાં આવી રહ્યો હતો. કેરાલાથી આવેલી મહિલા સરપંચો પૈકી ત્રણ મુસ્લીમ મહિલા સરપંચોએ હિબાઝ પહેર્યા હતા. તેમનું પણ રૂટીન ચેકઅપ જ થયુ હતુ. દરેક મહિલાઓના ચેકઅપ માટે લેડીઝ એન્કલોઝર બનાવાયેલુ છે. જેમાં મહિલા પોલીસ ચેકીંગ કરે છે તેમને પણ ત્યાં ચેકીંગ માટે લઈ જવાયા હતા તેની ગેરસમજમાં ઈસ્યુ બનાવી દેવાયો હોવાનું ગાંધીનગર રેન્જ આઈજીપી આર.બી. બ્રહ્મભટ્ટે જણાવ્યુ હતુ.

## વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ પાછળ અત્યાર સુધી ૩૩.૯૦ કરોડના બીલોની ચુકવણી

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ -૨૦૧૭ પાછળ થયેલા ખર્ચ અન્વયે ૩૩.૯૦ કરોડનુ ચુકવણુ કરવામાં આવ્યુ છે. ઉનાના ધારાસભ્ય પુંજાભાઈ વંશે પુછેલા આ પ્રશ્નના ઉત્તરમાં જવાબમાં મુખ્યમંત્રીના જણાંવ્યા મુજબ ગ્લોબલ સમટિ -૨૦૧૭ અન્વયે અત્યાર સુધીમાં ૩૩,૯૦,૫૦,૫૪૬.૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે. જો કે સમિટ અન્વયે કરવામાં આવેલ ખર્ચ હજુ આખરી થયેલ નથી. પરંતુ મુખ્યત્વે સમિટના આયોજન માટેના આ ખર્ચમાં વિવિધ સાહીત્ય તૈયાર કરવુ સેમિનારનુ આયોજન, વેબસાઈટ બનાવવી અને નિભાવણી, ઈવેન્ટ મેનેજમેન્ટ,વહીવટી બાબતોનો સમાવેશ થાય છે. જયારે ગાલા ડિનર દેના બેંક તરફથી સ્પોન્સર કરવામાં આવ્યુ હતુ જયારે હોટલોમાં રોકાણ



**વિધાનસભામાં ગાંધીનગર**
**- ધનંજય જોષી**

અને ટ્રાન્સપોર્ટેશન માટે રૂ ૧,૬૧,૬૨,૦૪૮.૦૦નુ ચુકવણુ કરવામાં આવ્યુ છે. વાઈબ્રન્ટ સમિટ પાછળ થયેલો ખર્ચ કયા હેડ હેઠળ ઉધારવામાં આવશે તેવા પેટા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાંવ્યા મુજબ ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના આઈ એન ડી -૫ ઓદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો બજેટ હેઠળ ઉધારવામાં આવશે.

**જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં સી સી કેમેરાની વોચ**

જિલ્લાના કેટલા પોલીસ સ્ટેશનોમાં સી સી ટી વી કેમેરા લગાવાયા ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલના આ પ્રશ્નના ઉત્તરમાં ગૃહ મંત્રીએ જણાંવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં જિલ્લાના ૧૫ પોલીસ સ્ટેશનોમાં સી સી ટી વી કેમેરા લગાવાયા છે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોને સી સી ટી વી કેમેરાની વોચ હેઠળ આવરી લેવાયા છે.

**રેતી કાંકરી માટે બે વર્ષમાં ૨૧ કરોડની ગ્રાન્ટ**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રેતી કાંકરીની કેટલી ગ્રાન્ટ મંજુર થઈ છે ? કલોલના બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં ખાણ ખનીજ મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાવાયા મુજબ બે વર્ષમાં ૨૧૫૮.૫૫ લાખની ગ્રાન્ટને મંજુરી આપવામાં આવી છે.

**બેટરી ઓપરેટેડ વ્હીકલ યોજનાનો ૧૩૮૨ લાભાર્થીઓએ લાભ લીધો**

સરકાર દ્વારા બેટરી ઓપરેટેડ વ્હીકલની યોજના ક્યારથી અમલમાં આવી અને છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવામાં આવી ? તે પ્રશ્નના ઉત્તરમાં જણાંવાયુ હતુ કે વર્ષ ૨૦૧૫ દરમિયાન ૫૪૯ લાભાર્થીઓને ૫૪.૯૦ લાખની સહાય ચુકવવામાં આવી હતી જયારે વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ૮૩૩ લાભાર્થીઓને આ યોજનાનો

● અનુસંધાન પાન-૭ પર

## રાષ્ટ્રીય મહિલા સરપંચ સંમેલનની સાથે સાથે...

- મહાત્મા મંદિર ખાતે યોજાયેલ સ્વચ્છતા શક્તિ-૨૦૧૭માં આજે જિલ્લાની ૩૪ મહિલા સરપંચોએ હાજરી આપી હતી અને ૩ મહિલા સરપંચો અનિવાર્ય કારણોસર હાજર રહી શકી ન હતી.
- મહાત્મા મંદિરમાં યોજાયેલ મહિલા સરપંચના કાર્યક્રમમાં છતીસગઢના ભોઠાના સરપંચ મનીષાકુંવરનું આઈ કાર્ડ ન બનતાં તેમને મંદિરમાં પ્રવેશ અપાયો ન હતો.
- લીમડી તાલુકાના જનકબેન કરનાળીયા નામની મહિલા સરપંચને



પણ આઈ કાર્ડ ઈસ્યુ ન થવાને કારણે અંદર પ્રવેશ અપાયો ન હતો.
- રાજસ્થાનના ગોપાલ સાગર ગામના મહિલા સરપંચને નાનુ બાળક હોવાથી તેની દેખરેખ રાખવા માટે તેમની માતાને સાથે લઈને આવ્યા હતા. તો કાનપુરના કુર્મીખેડાના મહિલા સરપંચ તેમની સાથે તેમની દિકરીને સાથે લઈ આવ્યા હતા.
- મહાત્મા મંદિર ખાતે આજે વડાપ્રધાન બરાબર ૨.૪૫ વાગ્યે આવી પહોંચ્યા હતા. તેમણે પ્રદર્શન પણ નિહાળ્યુ હતુ.
- વડાપ્રધાનના આગમન પૂર્વે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ક્રાફ્ટ કલાકારોના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.
- મહાત્મા મંદિરના કવરેજ માટે વિધાનસભાથી નીકળેલા પત્રકારો વાવોલ થઈ મહાત્મા મંદિર પર પહોંચ્યા હતા.
- શિક્ષણ ક્ષેત્રે વિકાસ કરવા માટે સરપંચો અને શિક્ષકો બેઠક કરે તેવુ સૂચન વડાપ્રધાન મોદીએ કર્યું હતુ.
- મોદીએ આજે તેમના પ્રવચન દરમ્યાન રાજકીય ટીકાઓને ટાળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# અલ્પેશ ઠાકોર સહિત આંગણવાડી કાર્યકરોની દેખાવો પૂર્વે અટકાયત

**પડતર પ્રશ્નોને લઈને પ્રદર્શનની યોજના હતી : અટકાયતમાં લેવાયેલામાં મોટી સંખ્યામાં આંગણવાડીની મહિલાઓનો સમાવેશ : કલેકટર કચેરી ખાતે દેખાવ થયા**

અમદાવાદ, તા.૮

ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર સહિત ઘણા કાર્યકરોની આજે અટકાયત કરવામાં આવી હતી. પડતર પ્રશ્નોને લઈને અલ્પેશ ઠાકોરના નેતૃત્વમાં આંગણવાડી અને આશા વર્કરો પ્રદર્શન કરવાના મૂડમાં હતા પરંતુ તેમની તે પહેલા જ અટકાયત કરાઈ હતી. અલ્પેશ ઠાકોરની આગેવાનીમાં આંગણવાડી અને આશા વર્કરો તેમના પડતર પ્રશ્નોને લઈ પ્રદર્શન કરવાના હતા પણ પોલીસે પ્રદર્શન કરે પહેલા અટકાયત કરી હતી, પોલીસે અટકાયત કરતા શાબ્દિક ટપાટપી પણ થઈ હતી. જે બાદ મોટી સંખ્યામાં મહિલા પોલીસ કર્મીઓ આંગણવાડી મહિલાઓની અટક કરી લીધી હતી સાથે જ અલ્પેશ ઠાકોરની પણ અટકાયત કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં આવ્યા હોવાથી આજે કલેકટર કચેરી ખાતે અલ્પેશ ઠાકોરની આગેવાનીમાં મોટી સંખ્યામાં આંગણવાડી અને આશા વર્કર બહેનો વિરોધ કરવાના હતા. જોકે વિરોધ કરે પહેલા પોલીસે તમામની અટકાયત કરી લીધી હતી. ત્યારે અલ્પેશ ઠાકોરની અટકાયત બાદ ઓબીસી કાર્યકર્તાઓ દ્વારા સુરેન્દ્રનગર, બનાસકાંઠા અને રાજકોટમાં ચક્કાજામ કરીને ટાયરો બાળીને આ અંગે વિરોધ કરવામાં આવ્યો હતો.

નોંધનીય છે કે, આંગણવાડી અને આશાવર્કર બહેનો દ્વારા છેલ્લા એક મહિનાથી વિરોધ કરવામાં આવી રહ્યો છે અને બહેનો હાલ હડતાળ પર ઉતરી છે પણ સરકાર આ બધુ અદેખુ કરતી હોય તેવું લાગી રહ્યું છે. બીજી બાજુ સરકાર દ્વારા બજેટ આંગણવાડી બહેનોને ૧૫ ટકા વધારો આપી લોલીપોપ આપી હોય તેવું આંગણવાડી બહેનો જણાવી રહ્યા છે.

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## મહિલાઓ સમાજમાં અગ્રેસર જ રહી છે : રૂપાણી

ગાંધીનગર, તા.૮

વિધાનસભા ગૃહમાં મહિલા દિવસની ઉજવણી આજે કરવામાં આવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી નીતિન પટેલે પણ પોતાના સંબોધનમાં મહિલા શક્તિની પ્રશંસા કરી હતી. ગુજરાતની અને વિશ્વની તમામ મહિલાઓને ગુજરાત વિધાનસભા ગૃહ અને રાજય સરકાર તરફથી શુભકામનાઓ પાઠવતાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, મહિલાઓ કર્તવ્ય, નેતૃત્વ અને માતૃત્વથી સમાજમાં અગ્રેસર છે જ સમગ્ર વિશ્વ મહિલાઓની સમાનતાને માનસિક રીતે સ્વીકારે. ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં મહિલાઓ હંમેશા પુજનીય સન્માનનીય રહી છે. આપણે મા શક્તિ સ્વરૂપે નારીની પુજા કરી છે. સ્ત્રીને ઘરની લક્ષ્મી કહીને પરિવારનું આર્થિક વ્યવસ્થાપન પણ મહિલાઓના હાથમાં સોંપ્યું છે. રસોડાની રાણી કહીને મહિલાઓને અન્નપૂર્ણાનું

● અનુસંધાન પાન-૭ પર

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**જગ્યા ભાડે આપવાની છે**
ઈન્ફોસીટી સુપર મોલ-૧
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫,
સબ-વેની બાજુમાં
આશરે ૨૩૩ ચો. ફુટ
ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી **કલ્પેશભાઈ પુષ્પવદન રાવ** (G.I.D.C) નું દુઃખદ અવસાન તા. ૫-૩-૨૦૧૭ ને રવિવાર ના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૦-૩-૨૦૧૭ ને શુક્રવાર ના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ૫૬૦/બી, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર. મો. ૯૫૭૪૮ ૪૭૭૨૦

એજ લી.
હર્ષ કલ્પેશભાઈ રાવ (પુત્ર) રીના કલ્પેશભાઈ રાવ (પુત્રી)
તથા રાવ પરિવાર

નોંધ : પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.
સ્વ. સરોજબેન જે. બ્રહ્મભટ્ટ જતીન બી. બ્રહ્મભટ્ટ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com